# પટેલ પ્રગતિ મંડળની ચૂંટણીમાં ૬૯.૭૨ ટકા મતદાન નોંધાયું

**આજે** જહાંગીરાબાદ ખાતે શૈક્ષણિક સંકુલમાં મતગણતરી

સુરતઃ ભારે રસાકસી ભરેલી શ્રી પટેલ પ્રગતિ સમાજની ચૂંટણી આજે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. મતદાન સમય દરમિયાન ખુબ જ મોટી સંખ્યામાં સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. આજે શ્રી પટેલ પ્રગતિ મંડળ સુરતની વ્યવસ્થાપક સમિતિના ૨૦ સભ્યોની બેઠકની ચૂંટણી પર મતદાન યોજાયું હતું. આ ચુંટણીમાં પટેલ સમાજ પ્રગતિ પેનલ અને સમાજ વિકાસ પેનલનાં ઉમેદવારો સહિત ૬ અપક્ષ ઉમેદવાર મળી કુલ ૪૬ ઉમેદવારોનુ ભાવિ સમાજનાં મતદારોએ મતપેટીમાં સીલ કર્યુ હતું.

ખાસ કરીને પટેલ સમાજ પ્રગતિ પેનલ અને સમાજ વિકાસ પેનલ વચ્ચે ભારે રસાકસીને કારણે ચુંટણી અધિકારી દ્વારા પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવાયો હતો. આ ચુંટણીને લઈને તળપદા કોળી સમાજમાં ભારે ઉત્તેજના જોવા મળી હતી. શ્રી પટેલ પ્રગતિ મંડળ સુરતની ચુંટણીમાં મુખ્ય ચુંટણી અધિકારી દિપક કાપડિયાએ જણાવ્યું હતું કે આજે યોજાયેલી ચુંટણીમાં કુલ ૩૯૮૧ મતદારોમાંથી ૩૧૭૪ મતદારોએ ભાગ લીધો હતો.

જહાંગીરાબાદ (ઉગત), શ્રી પટેલ પ્રગતિ મંડળ, શૈક્ષણિક સંકુલ ખાતે મતદાન પૂર્ણ થયાં બાદ મતપેટીને સુરક્ષિત મુકવામાં આવી હતી. આવતીકાલે આ જ સ્થળે મતગણના થશે.ચૂંટણી જાહેર થઈ ત્યારથી જ તળપદા કોળી સમાજમાં ભારે ઉત્તેજના જોવા મળી હતી.

જેને પગલે આજે યોજાયેલા મતદાનના દિવસે મંડળનાં શૈક્ષણિક સંકુલ ખાતે મોટી સંખ્યામાં સમાજનાં આગેવાનો,મહિલાઓ તેમજ યુવાનો ઉમટી પડ્યા હતા.

# વધુ ટ્રેનોમાં ઓટીપી આધારીત જ બુકિંગ થશે

**અવધ** એક્સપ્રેસ અને ગંગાનગર એક્સપ્રેસના ટિકિટ બુકિંગમાં ઓ ટી પી નો અમલ

સુરતઃ પશ્ચિમ રેલ્વેએ તત્કાલ ટિકિટ બુક કરાવનારા મુસાફરો માટે વધુ એક મહત્વપૂર્ણ ફેરફાર અમલમાં મૂક્યો છે. રેલવે બોર્ડ ની માર્ગદર્શિકા અનુસાર, તત્કાલ ટિકિટ બુકિંગને વધુ પારદર્શક અને સુરક્ષિત બનાવવા માટે OTP (વન ટાઇમ પાસવર્ડ) આધારીત પ્રમાણીકરણ સિસ્ટમ ટ્રેનોમાં તબક્કાવાર લાગુ કરવામાં આવી રહી છે. આ નવી સિસ્ટમ હેઠળ, મુસાફરના મોબાઇલ નંબર પર મોકલવામાં આવેલ OTP સફળતાપૂર્વક ચકાસ્યા પછી જ તત્કાલ ટિકિટ જારી કરવામાં આવશે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકના જણાવ્યા અનુસાર, પશ્ચિમ રેલવે થી ઉપડતી 21 ટ્રેનોમાં આ OTP આધારિત તત્કાલ પ્રમાણીકરણ સિસ્ટમ પહેલાથી જ લાગુ કરવામાં આવી છે. આ સિસ્ટમ હવે 24 ડિસેમ્બર, 2025 થી ચાર વધુ મહત્વપૂર્ણ ટ્રેનોનો સમાવેશ કરવા માટે વિસ્તૃત કરવામાં આવી છે. આમાં ટ્રેન નંબર 14702 બાંદ્રા ટર્મિનસ-શ્રી ગંગાનગર એક્સપ્રેસ, 19037 બાંદ્રા ટર્મિનસ-બરૌની અવધ એક્સપ્રેસ, 19483 અમદાવાદ-સહરસા એક્સપ્રેસ અને 22956 ભુજ-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસનો સમાવેશ થાય છે.રેલ્વે અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ નવી સિસ્ટમ કોમ્પ્યુટરાઇઝ્ડ PRS કાઉન્ટર્સ, અધિકૃત રેલ્વે એજન્ટો, સત્તાવાર IRCTC વેબસાઇટ અને IRCTC મોબાઇલ એપ્લિકેશન - તમામ ચેનલો દ્વારા કરવામાં આવતી તત્કાલ બુકિંગ પર સમાન રીતે લાગુ પડશે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય બુકિંગ પ્રક્રિયા માં થતી અનિયમિતતાઓને રોકવા અને દલાલો અને છેતરપિંડી બુકિંગની સમસ્યાને દૂર કરવાનો છે.અગાઉ, તત્કાલ ટિકિટ બુકિંગ દરમિયાન, સાચા મુસાફરો ઘણીવાર ટિકિટ મેળવી શકતા ન હતા, જ્યારે મોટી સંખ્યામાં ટિકિટ એજન્ટો દ્વારા બુક કરવામાં આવતી હતી. OTP-આધારીત પ્રમાણીકરણ સિસ્ટમના અમલીકરણથી ખાતરી થશે કે ટિકિટ ખરેખર ટિકિટ બુક કરનાર વ્યક્તિ દ્વારા પ્રાપ્ત થાય છે. પશ્ચિમ રેલ્વે એ મુસાફરોને બુકિંગ સમયે માન્ય અને સક્રિય મોબાઇલ નંબર દાખલ કરવા વિનંતી કરી છે જેથી તેમને સમયસર OTP મળે અને બુકિંગ પ્રક્રિયામાં કોઈપણ વિક્ષેપ ન આવે. રેલ્વે વહીવટીતંત્રે સંકેત આપ્યો છે કે ભવિષ્યમાં આ સિસ્ટમ વધુ ટ્રેનોમાં લાગુ કરવામાં આવશે, જેથી દેશભરમાં તત્કાલ ટિકિટ બુકિંગ સિસ્ટમમાં સુધારો થઈ શકે.

### ટ્રકે બાઈકને ટક્કર મારતા નિવૃત્ત પોલીસકર્મીના પુત્રનું મોત

સુરતઃ વરિયાવ રોડ ઉપર ટ્રક ચાલકે બાઈકને ટક્કર મારતા નિવૃત્ત પોલીસકર્મીના પુત્રનું મોત થયું હતું. ઓલપાડના અટોદરા ગામમાં આવેલા કણબી ફળિયામાં 37 વર્ષીય અબ્દુલ સતાર ઈકબાલ બેગ સાયણ ખાતે નોનવેજની દુકાન ચલાવતા હતાં. તે આજે સવારે સાયણ જવા માટે નીકળ્યા હતા ત્યારે વરીયાવ રોડ ઉપર ખોડિયર માતાના મંદિર પાસે પૂરપાટ દોડતી ટ્રકે તેમની બાઇકને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ગંભીર ઈજા થતા તેમનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અબ્દુલના પિતા નિવૃત્ત પોલીસ એ.એસ.આઈ હતા. ઓલપાડના અટોદરાના જાણીતા પરિવારમાં અચાનક જ એક વ્યક્તિનું યુવા વયે જ અચાનક નિધન થતાં સમગ્ર ગામમાં શોકની લાગણી ફેલાઇ હતી.

# પુનગામ એક્ઝિટ કાયમી બનાવવા માંગ

**કેન્દ્રીય** હાઇવે અને પરિવહન મંત્રી નીતિન ગડકરીને પત્ર લખી પુનગામ નજીક ખોલવામાં આવેલા

**કામચલાઉ** ડાયવર્ઝનને નિયમિત કરવાની માગ કરી

સુરત : વડોદરા-ભરૂચ-સુરત રાષ્ટ્રીય એક્સપ્રેસ વે પર પુનગામ એક્ઝિટ કાયમી બનાવવા માંગ કરી છે.સુરત ગ્રોથ હબ ઓફ સાઉથ ગુજરાતના ઈલિયાસ પઠાણ અને સંજય જૈને ભારત સરકારના કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીને પત્ર લખી પુનગામ એક્ઝિટ સુરત માટે લાભદાયી હોવાની રજૂઆત કરી છે. તેઓએ પત્રમાં જણાવ્યું છે કે, આ મહત્વપૂર્ણ માળખાગત પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરવા માટે ૨૭ નવેમ્બર ૨૦૨૫ ના રોજ વડોદરા-ભરૂચ-સુરત રાષ્ટ્રીય એક્સપ્રેસ વેની મુલાકાત લીધી હતી. તે સમયે સુરત-હાંસોટ-અંકલેશ્વર રોડ પર પુનગામ નજીક કામચલાઉ ડાયવર્ઝન ખોલવાનો નિર્ણય લેવામાં આવતા આ વચગાળાની વ્યવસ્થાથી રોજિંદા મુસાફરોને મોટી રાહત મળી છે, જેના કારણે સુરત અને અંકલેશ્વરના મુસાફરો માટે ટ્રાફિક સરળ બન્યો છે.

આ સમયસરના પગલાથી નાગરિકોને ઘણો ફાયદો થઈ રહ્યો છે. હાલની પ્રગતિ મુજબ, પુનગામથી કીમ-એના-પલસાણા સુધીનો માર્ગ પૂર્ણ થવામાં થોડા વધુ મહિના લાગવાની ધારણા છે, અને ચોમાસાના સમયગાળાને બાદ કરતાં, આ કોરિડોર ઓક્ટોબર-નવેમ્બર 2026 ની આસપાસ કાર્યરત થઈ શકે છે. ત્યાં સુધી, હાલનો ડાયવર્ઝન બંને છેડા પર મુસાફરો માટે અત્યંત મૂલ્યવાન સુવિધા તરીકે સેવા આપવાનું ચાલુ રાખશે.

આ બાબતોને ધ્યાનમાં રાખીને, અમે વિનંતી કરીએ છીએ કે પુનગામ નજીક સુરત અને અંકલેશ્વર ટ્રાફિકના લાભ માટે કાયમી એક્ઝિટ બનાવવામાં આવે.

# રમઝાન હોવાથી BCGની ચૂંટણીની તારીખ બદલવા માંગ

**સુરતના** એડવોકેટ ઝકી શેખે બીસીજી સભ્યોને પત્ર લખ્યો

**પવિત્ર** રમઝાનમાં મુસ્લિમ વકીલોની વ્યસ્તતાથી મતદાનમાં અસર થશે

સુરતઃ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણી આગામી તા. ૧૩મી માર્ચે યોજવાની જાણકારી બીસીજી દ્વારા સુપ્રીમ કોર્ટ નિયુક્ત હાઈપાવર કમિટીને આપી હતી, જે સંદર્ભે સુરત શહેરના એડવોકેટ ઝકી મુખ્તિયાર શેખે આ ચૂંટણી દરમિયાન પવિત્ર રમજાન માસ હોવાથી ચૂંટણીની તારીખમાં સુપ્રીમ કોર્ટના હુકમને ધ્યાને લઇ ફેરફાર કરવા માટે બીસીજીના સભ્યોને રજુઆત કરી હતી. આ અંગે એડવોકેટ ઝકી મુખ્તિયાર શેખે જણાવ્યું હતું કે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણી આગામી તા. ૧૩મી માર્ચ ૨૦૨૬ ના રોજ યોજવામાં આવશે તે અંગેની જાણકારી બીસીજી દ્વારા સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત હાઈપાવર કમિટીને કરવામાં આવી હતી. આ સમય દરમિયાન રમઝાન માસના પવિત્ર દિવસો છે. ગુજરાતમાં અંદાજે ૧૨૦૦૦ જેટલા વકીલો ઈસ્લામ ધર્મ પાળે છે. રમઝાન માસમાં રોઝા રાખવાને કારણે તથા ધાર્મિક ફરજો અને પ્રાથનાઓમાં વ્યસ્તતાથી મતદાનમાં સીધી અસર થાય તેમ છે. તેવા સંજોગોમાં ઘણા બધા વોટર્સ મતદાનથી વંચિત રહી જાય તેમ છે. હાલની ચૂંટણી સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર થઈ રહી છે. ગુજરાત રાજ્ય માટે ૧૫-૩-૨૦૨૬ ડેડલાઈન છે. જેથી અમારી લાગણી હાઈ પાવર કમીટી સમક્ષ રજૂ કરી ચુંટણી કાર્યક્રમમાં ફેરફાર કરાવી ઘટતી કાર્યવાહી કરવા બીસીજીના સભ્યોને વિનંતી કરવામાં આવી છે.

### રૂ.૫ હજારનો ઈનામી વોન્ટેડ આરોપીને ચોકબજાર પોલીસે ઝડપી પાડ્યો

સુરતઃ ચોકબજાર પોલીસે ભોપાલ ક્રાઈમ બ્રાંચ (મધ્યપ્રદેશ)ના સાયબર ક્રાઈમ ફ્રોડના રૂ.૫,૦૦૦ના ઈનામી આરોપી શૈવીન ગીરધરભાઈ ડાહ્યાભાઈ પુંભડીયાને પકડી પાડ્યો છે. તે ઈવેન્ટ મેનેજમેન્ટના ધંધા સાથે સંકળાયેલો છે અને હાલ સુરતના કતારગામ વિસ્તારમાં અવધુતનગર સોસાયટીમાં રહેતો હતો, આરોપીના નામે યુનિયન બેંકના એક ખાતામાં મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, દિલ્હી અને તેલંગણા સહિત ચાર રાજ્યોમાંથી કુલ રૂ.૩,૮૦,૪૯,૧૭૩ની રકમ જમા થયેલી હોવાનું બહાર આવ્યું હતું. આ રકમ સંબંધિત ચાર રાજ્યોમાં અલગ અલગ સ્થળે કુલ પાંચ સાયબર ક્રાઈમના ગુનાઓ નોંધાયેલા હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે તેને ભોપાલ ક્રાઈમ બ્રાંચ (મધ્યપ્રદેશ) પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

**૧થી ૧૧ સુધી કુલ ૨૮ જેટલા નવા પાઠ્યપુસ્ત આવશે**

# ધો. ૯ અને ૧૧માં AI અને ક્લાઉડ વિષયના ચેપ્ટર આવશે

**૨૦૨૬-૨૭થી** નવો અભ્યાસક્રમ અમલમાં આવશે

સુરતઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૯ અને ૧૧માં કોમ્પ્યુટર વિષયના અભ્યાસક્રમમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. વૈશ્વિક ટેકનોલોજીકલ ટ્રેન્ડને અનુરૂપ નવો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવી રહ્યો છે, જે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી અમલમાં આવશે. ત્યારબાદ ૨૦૨૭-૨૮થી ધોરણ ૧૦ અને ૧૨માં પણ નવો અભ્યાસક્રમ લાગુ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે એપ્રિલ ૨૦૨૫માં બોર્ડ દ્વારા ધોરણ ૯થી ૧૨ના કોમ્પ્યુટર વિષયમાંથી કેટલાક અધ્યાયો દૂર કરવામાં આવ્યા હતા, પરંતુ તેના સ્થાને નવા અધ્યાયો ઉમેરવામાં આવ્યા નહોતા. પરિણામે વર્ષભર વિદ્યાર્થીઓને અધુરા અભ્યાસક્રમ સાથે અભ્યાસ કરવો પડ્યો હતો. ખાસ કરીને લિનક્સ, યુનિક્સ, ઉબન્ટુ, C++, વિમ એડિટર, નેટવર્કિંગ જેવી જૂની ટેકનોલોજી આધારિત વિષયવસ્તુ એપ્રિલ ૨૦૨૪માં દૂર કરવામાં આવી હતી, પરંતુ ક્લાઉડ કોમ્પ્યુટિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), મશીન લર્નિંગ જેવી આધુનિક ટેકનોલોજીના અધ્યાયો ઉમેરવાના રહી ગયા હતા.

આ મુદ્દે શિક્ષકો અને શૈક્ષણિક વર્તુળોમાંથી વારંવાર રજૂઆત કરવામાં આવી હતી. અંતે બોર્ડે વૈશ્વિક ટેકનોલોજીકલ વિકાસને ધ્યાનમાં રાખીને નવીન અને સમયસૂચક અભ્યાસક્રમ તૈયાર કરવાનો નિર્ણય લીધો છે. નવા અભ્યાસક્રમમાં આધુનિક ડિજિટલ કુશળતા, ઉદ્યોગલક્ષી જ્ઞાન અને ભવિષ્યની ટેકનોલોજી પર ભાર મૂકવામાં આવશે.

સૂત્રો મુજબ, હવે અન્ય વિષયોની જેમ કોમ્પ્યુટર વિષયનો અભ્યાસક્રમ પણ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) આધારિત માળખા સાથે સુસંગત બનાવવામાં આવશે.

નોંધનીય છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી ધોરણ ૧થી ૧૧ સુધી કુલ ૨૮ જેટલા નવા પાઠ્યપુસ્તકો અમલમાં મૂકવામાં આવશે. જેમાં ધોરણ ૯ અને ૧૧ના કોમ્પ્યુટર વિષય માટે નવા અભ્યાસક્રમ આધારીત પુસ્તકો પણ સમાવિષ્ટ રહેશે.

# હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે 1,65,000 કરોડ ફાળવાયા

**330** કરોડનાં વિકાસપ્રકલ્પોનું લોકાર્પણ, અનાવરણ કરતાં કેન્દ્રીય ગૃહમંત્રી

ગાંધીનગર : કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ દ્વારા અમદાવાદ મનપાના રૂ. 330 કરોડના વિવિધ વિકાસપ્રકલ્પોનું લોકાર્પણ, ઈ-લોકાર્પણ, ગણેશજીની મૂર્તિનું અનાવરણ તેમજ નવી વણઝર ગામના પુનર્વસિત રહેવાસીઓને સનદ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ અને સીએમ ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનના નવા વરાયેલા પદાધિકારીઓનો શપથવિધિ સમારંભમાં અમદાવાદ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે દેશમાં હોલિસ્ટિક વ્યૂ સાથે હેલ્થ ઈકોસિસ્ટમનું નિર્માણ થઈ રહ્યું છે.

પીએમ મોદીના નેતૃત્વમાં દેશમાં સ્વચ્છતા મિશન, ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ, ખેલો ઈન્ડિયા, યોગ દિવસની ઉજવણી, આયુષ્યમાન ભારત યોજના, આભા અને ઈન્દ્રધનુષ અભિયાન, જેનરિક દવાઓને પ્રોત્સાહન, ઉપરાંત ટેલિમેડિસીન, વિડિયો કોન્ફરન્સ દ્વારા માર્ગદર્શન વગેરે પ્રયાસો હાથ ધરાયા છે.

દેશમાં હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે રૂ. 1,65,000 કરોડ ફાળવવામાં આવ્યા છે. દેશનું આરોગ્ય બજેટ વર્ષ 2013-14માં રૂ. 37,000 કરોડથી વધારીને આજે રૂ. 1,28,000 કરાયું છે

# "મેડમ, પતિની જરૂર હોય તો કહેજો" કહી છેડતી

વિવાહિતાને અશ્લીલ ટિપ્પણી અને છેડછાડ, ઇચ્છાપોર પોલીસે ત્રણ શખ્સોને ઝડપી લીધા

**એક** જ સોસાયટીમાં રહેતા આરોપીઓ દ્વારા સતત હેરાનગતિ, ફોન પર અશ્લીલ વાતો અને ગંદા ઇશારાઓથી મહિલા ત્રાસી ગઈ હતી

સુરતઃ ઈચ્છાપોર પોલીસ મથકની હદમાં એક જ સોસાયટીમાં રહેતા ત્રણ શખ્સો પરિણીતાની વારંવાર છેડતી કરતાં હતાં. જેથી ત્રાસી ગયેલી પરિણીતાએ પોલીસનો સહારો લેતા પોલીસે ત્રણેય આરોપીને ઝડપી લીધા હતા.

ઈચ્છાપોર પોલીસમથકની હદમાં રહેતી અને હીરાકંપનીમાં કામ કરતી 34 વર્ષીય મહિલાના છૂટાછેડા થઈ ચૂક્યા છે, તે જ સોસાયટીમાં રહેતા ત્રણ શખ્સોની હેરાનગતિથી ભારે ત્રાસી ગઈ હતી.ફરિયાદ મુજબ, આરોપી મોહન સુમલા સંગાડાએ રાત્રિના સમયે, લગભગ 10:30 વાગ્યે મહિલાને ફોન કરીને અશ્લીલ શબ્દોમાં કહ્યું હતું કે, "જો તને પતિની જરૂર હોય તો મને કહેજે, હું આવી જઉં." આ પછી પણ આરોપીઓની હિંમત એટલેથી અટકી નહીં. બીજા દિવસે સવારે લગભગ 8 વાગ્યે આરોપી ઉત્તમકુમાર મંડલ અને રાજકુમાર ઉર્ફે રાજા વાસુકી સિંગ સોસાયટીના ગેટ પાસે ઊભા રહી મહિલાને ટોણા મારતા બોલ્યા હતા કે, "નૌકરી કરવાની શું જરૂર છે? અમે બેઠા છીએ ને," અને ત્યારબાદ ગંદા ઈશારા કર્યા હતા.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે એ જ દિવસે સાંજે ફરી ત્રણેય આરોપીઓ સોસાયટીના ગેટ પર એકત્ર થયા હતા અને મહિલાને જોઈને ફરી અશ્લીલ ભાષામાં કહ્યું હતું કે, "મેડમ, પતિની જરૂર હોય તો અમને કહેજો, અમે બેઠા છીએ." સાથે જ ફરી ગંદા ઈશારા કર્યા હતાં. જેથી તેણે પોલીસ ફરિયાદ કરતાં પોલીસે

મોહનભાઈ સુમલાભાઈ સંગાડા, ઉત્તમકુમાર અજીતકુમાર મંડલ અને રાજકુમાર ઉર્ફે રાજા વાસુકી સિંગની ધરપકડ કરી છે. ઈચ્છાપોર પોલીસે આરોપીઓ સામે છેડતીનો ગુનો દાખલ કર્યો છે.

# ગુજરાત ભાજપના નવા સંગઠનીય માળખાની જાહેરાત

**10** ઉપ પ્રમુખ- 4 મહામંત્રી અને 10 મંત્રીની જાહેરાત

**ઉપાધ્યક્ષ** તરીકે ભરત પંડ્યાની નિમણૂંક

ગાંધીનગર : ગત મોડી રાત્રે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ ગુજરાત ભાજપની નવી સંગઠન ટીમની જાહેરાત કરી દીધી છે. જેમાં 10 ઉપ પ્રમુખ , 4 મહામંત્રી અને 10 મંત્રીની નિમણૂંક કરવામાં આવી છે. જો કે જૂની ટીમમાંથી માથાઓને દૂર કરાયા છે.

નવી ટીમમાં દક્ષિણ ગુજરાતમાંથી દક્ષિણ ગુજરાતમાંથી ગણપત વસાવા, સુરત શહેરમાંથી પૂર્વ ધારાસભ્ય ઝંખના પટેલ, અંજુબેન વેકરિયા, અરવિંદ પટેલ, કૈલાશબેન ગામીત, સોનલબેન સોલંકીનો સમાવેશ કરાયો છે. જયારે જ્ઞાતિનું પરિબળ પણ ધ્યાને લેવાયુ છે.પ્રદેશ ભાજપના પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ પોતાની નવી સંગઠન ટીમમાં પાર્ટીના જૂના જોગીઓનો અનુભવ અને નવા યુવા નેતાઓનો ઉત્સાહ બંનેને સ્થાન આપીને ગુજરાતમાં ભાજપની પકડ વધુ મજબૂત કરવાનો પ્રયાસ કર્યો છે. નવી સંગઠનીય ટીમમાં કુલ 35 જેટલા હોદેદારોમાં સૌરાષ્ટ્રના 10 અગ્રણીઓને સ્થાન આપવામાં આવ્યું છે.

જયારે 9 જેટલા મહિલા અગ્રણીઓને મહત્વના હોદ્દાઓ પર નિમણૂંક આપવામાં આવી છે. એકલા પ્રશાંત કોરાટને બાદ કરતાં જુના સી.આર.પાટીલની ટીમના લગભગ બધાં જ હોદ્દેદારોને દૂર કરવા સાથે સંગઠનમાં ધરખમ ફેરફાર કરાયા છે. સંગઠનમાં નવો પ્રાણ ફૂંકવા તથા સંગઠનને વેગ આપવા માટે મહામંત્રી તરીકે અનુભવી ચહેરાઓને સ્થાન મળ્યું છે.

જેમાં કચ્છ જિલ્લાના નેતા અનિરુદ્ધ દવે, રાજકોટથી યુવા નેતૃત્વ ડો. પ્રશાંત કોરાટ, ખેડા જિલ્લાનું પ્રતિનિધિત્વ અજય બ્રહ્મભટ્ટ અને સુરેન્દ્રનગર જિલ્લાના સંગઠકના નેતા હિતેન્દ્રસિંહ ચૌહાણનો સમાવેશ કરાયો છે.

પ્રદેશ ઉપપ્રમુખ તરીકે પાર્ટીના વરિષ્ઠ અને જનાધાર ધરાવતા નેતાઓની પસંદગી કરવામાં આવી છે. અમદાવાદના સિનિયર નેતા અને પૂર્વ ધારાસભ્ય ભરત પંડ્યા અને પૂર્વ મંત્રી જયદ્રથસિંહ પરમાર નો સમાવેશ કર્યો છે.

આ સિવાય પોરબંદરના પૂર્વ સાંસદ રમેશ ધડુક, રાજેન્દ્રસિંહ ચુડાસમા, અને નટુજી ઠાકોરને જવાબદારી સોંપાઈ છે. જ્યારે મહિલા નેતૃત્વ તરીકે સુરતના પૂર્વ ધારાસભ્ય ઝંખના પટેલને પણ સ્થાન મળ્યું છે. કોષાધ્યક્ષ તરીકે ડો. પરિન્દુ ભગત, મુખ્ય પ્રવક્તા તરીકે ડો. અનિલ પટેલ, મીડિયા ઈન્ચાર્જ તરીકે ડો. પ્રશાંત વાળા અને કાર્યાલય મંત્રી તરીકે શ્રીનાથભાઈ શાહનો સમાવેશ કરાયો છે.

# વિકાસ ગાથા : સુરત બનશે પશ્ચિમ ભારતનું મુખ્ય રેલ હબ

**મુસાફરોની** વધતી ક્ષમતા સાથે આધુનિક સુવિધા તરફ કદમ મિલાવતું સુરત રેલવે સ્ટેશન

સુરતઃ આગામી પાંચ વર્ષમાં સુરત રેલ્વે સ્ટેશન પશ્ચિમ ભારતનું એક મુખ્ય રેલ હબ બનશે. પશ્ચિમ રેલ્વે એ સુરત અને તેની આસપાસના સ્ટેશનોના વિકાસ માટે મહત્વાકાંક્ષી ડ્રાફ્ટ પ્લાન તૈયાર કર્યો છે. આ યોજના હેઠળ અહીંથી કુલ 11 નવી ટ્રેનો શરૂ કરવામાં આવશે, જેમાં લાંબા અંતરની તેમજ પેસેન્જર અને MEMU ટ્રેનોનો સમાવેશ થાય છે. મુંબઈના મોડેલ પર ઉપનગરીય પ્લેટફોર્મ બનાવવામા આવશે, જ્યાં સ્થાનિક અને MEMU ટ્રેનોનું સંચાલન થશે.

સુરત મુંબઈ-દિલ્હી મુખ્ય રેલ્વે લાઈન પર આવેલું ઔદ્યોગિક અને વ્યાપારી રીતે મહત્વનું શહેર છે. આ કારણે રેલવે તેને લાંબા અંતરની ટ્રેનો તેમજ ઉપનગરીય સેવાઓ માટે મુખ્ય કેન્દ્ર બનાવવા માંગે છે. યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય નવી ટ્રેનો શરૂ કરવી અને હાલની ટ્રેનોમાં વધારાના કોચ ઉમેરવા, મુસાફરોની ક્ષમતા વધારવી અને આધુનિક જાળવણી સુવિધાઓનો વિસ્તાર કરવાનો છે. સુરતના ચાર મુખ્ય સ્ટેશનો - સુરત, ઉધના, ભેસ્તાન અને ઉત્તરાણ - ના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

### સુરત સ્ટેશનનો વિકાસ:

સુરત સ્ટેશન લાંબા અંતરની ટ્રેનો અને MEMU/સ્થાનિક સેવાઓનું કેન્દ્ર બનશે.24 કોચ ધરાવતી ટ્રેનો માટે પ્લેટફોર્મ નંબર 1 ને ૫૦ મીટર લંબાવવામાં આવશે, આ કામ CITCO દ્વારા ચાલી રહ્યું છે અને જુલાઈ 2026 સુધીમાં પૂર્ણ થવાનું છે. વધુમાં, સ્ટેશનના દક્ષિણ છેડે 400 મીટર લાંબું ઉપનગરીય પ્લેટફોર્મ બનાવવામાં આવશે, જે MEMU અને લોકલ ટ્રેનોના શરૂઆત અને સમાપ્તિ માટે વપરાશે. આ પ્રોજેક્ટ મંજૂરી પ્રક્રિયામાં છે અને માર્ચ 2027 સુધીમાં પૂર્ણ થવાનો લક્ષ્યાંક છે.

### ઉધના સ્ટેશનને વૈકલ્પિક ટર્મિનલ બનાવાશે

ઉધના સ્ટેશનને સુરત માટે વૈકલ્પિક ટર્મિનલ અને જાળવણી કેન્દ્ર તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. અહીં 10 નવી ટ્રેનો ઉમેરાશે, જેમાં 3 પેસેન્જર/MEMU અને 7 લાંબા અંતરની ટ્રેનો સામેલ છે. પ્લેટફોર્મ 6 ને એલિવેટેડ કરવામાં આવી રહ્યું છે, અને બાયપાસ લાઇન 2 ના પુનઃવિકાસનું ૭૦% કામ પૂર્ણ થઈ ગયું છે. આનાથી ટ્રેનોની ઉત્પત્તિ, સમાપ્તિ અને જાળવણી માં સરળતા આવશે.

### ભેસ્તાન સ્ટેશન પર પ્લેટફોર્મ 1 નું કામ પૂર્ણ

ભેસ્તાનમાં પ્લેટફોર્મ 1 અને 2 ને ઉંચા કરવાનું કામ ચાલુ છે. પ્લેટફોર્મ 1 પૂર્ણ થયો છે, જ્યારે પ્લેટફોર્મ 2 નું ૭૦% કામ પૂર્ણ છે. બાયપાસ લાઇનને અપ લૂપ સુધી લંબાવવા માટે રૂપિયા ૪૯.૭૫ કરોડનો ખર્ચ થશે. આ પ્રોજેક્ટ ૨૦૨૪-૨૫ના અમ્બ્રેલા વર્ક હેઠળ મંજૂર છે અને માર્ચ 2027 સુધીમાં પૂર્ણ થશે. વિકાસ પછી અહીં દરરોજ પાંચ નવી લાંબા અંતરની ટ્રેનો રોકાઈ શકશે.

### ઉત્તરાયણ સ્ટેશનમાં ૪૯.૭૫ કરોડનો પ્રોજેક્ટના કામો થશે

ઉત્તરાણ સ્ટેશનનું અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ નવીનીકરણ થયું છે. પ્લેટફોર્મ 3 અને 4 નું વિસ્તરણ કરવામાં આવ્યું છે. અહીં નવી ટ્રેનોની ઉત્પત્તિ અને સમાપ્તિ સુવિધાઓ બનાવવા માટે રૂપિયા ૪૯.૭૫ કરોડનો પ્રોજેક્ટ મુખ્ય મથક સ્તરે મંજૂરી પ્રક્રિયામાં છે. વધુમાં, નવું ઉચ્ચ-સ્તરીય પ્લેટફોર્મ અને વિસ્તરણ કાર્ય પણ હાથ ધરાશે.આ તમામ પ્રોજેક્ટ થી સુરત-ઉધના, ભેસ્તાન અને ઉત્તરાણ સ્ટેશનો પર ટ્રેનોની સંખ્યા તેમજ મુસાફરોની ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે. દક્ષિણ ગુજરાત તેમજ પશ્ચિમ ભારતમાં રેલ માળખાગત સુવિધાઓ મજબૂત બનશે, જેનાથી પ્રવાસીઓને વધુ સુવિધા મળશે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### ઓલપાડના લવાછાની...

હતા. રેસ જોવા માટે 4 રાજ્યના અશ્વપ્રેમી શોખીનો ઉમટી પડ્યા હતા. સિરાજખાન પઠાણ, પિયુષ પટેલ અને દીપાભાઈ દેસાઇએ જણાવ્યું હતું કે, સ્પર્ધકોનો ઉત્સાહ વધારવા શિલ્ડ સાથે રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. મોટી રવાલમાં પ્રથમક્રમે આવેલા ઘોડાના માલિકને મોટર બાઈક, બીજા ક્રમે આવેલા સ્પર્ધકને 31,000 રોકડ, ત્રીજા ક્રમે આવેલા સ્પર્ધકને 21,000 રૂપિયા પુરસ્કાર આપવામાં આવ્યો હતો. નાની રવાલ કેટેગરીમાં પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમે વિજેતા બનેલા સ્પર્ધકને અનુક્રમે 31,000, 21,000 અને 11,000 રૂપિયાના રોકડ ઇનામ આપવામાં આવ્યા હતા. નવી કેટેગરી ફ્રેશરમાં 11,000, 7,100 અને 5,100 રૂપિયાના રોકડ ઇનામ આપવામાં આવ્યા હતા.

દક્ષિણ ગુજરાત અશ્વ પાલક મંડળી (South Gujarat Horse Breeders Association)ના અગ્રણી સતીશ પટેલે જણાવ્યું હતું કે, "ઓલપાડ તાલુકાના લવાછા ગામે છેલ્લા 10 વર્ષથી અશ્વ દોડ સ્પર્ધાનું દર ડિસેમ્બર મહિનામાં આયોજન કરવામાં આવે છે.

#### રોજ 20 કિલોમિટર હોર્સ રાઈડિંગ કરતા 70 વર્ષનાં હસમુખભાઈનું સન્માન કરાયું

રવાલ રેસમાં સુરતનાં 70 વર્ષનાં હસમુખભાઈ પટેલ અચુક ભાગ લે છે. તેઓ દરરોજ 20 કિલોમીટર હોર્સ રાઈડિંગ કરે છે, તેથી તેમની ફિટનેસ અને એક્ટિવનેસ આજે પણ અડીખમ લાગે છે. આ અવસરે દક્ષિણ ગુજરાત હોર્સ એસોસિયેશનનાં આગેવાનોએ તેમને સ્ટેજ ઉપર બોલાવી ખાસ સન્માનિત કરી તેમનાં જુસ્સાને વધુ મજબુત કર્યો હતો.

### ચૌટાબજારમાં ફરી...

રહીશોનો આક્ષેપ છે કે ઉચ્ચ અધિકારીઓની મુલાકાત અને શરૂઆતની કાર્યવાહી માત્ર દેખાવ પૂરતી જ સાબિત થઈ છે. નિયમિત દેખરેખના અભાવે દબાણકર્તાઓ ફરી બેફામ બન્યા છે. ચૌટાબજાર સુરતના ઐતિહાસિક અને વ્યાપારી મહત્વ ધરાવતા વિસ્તારમાં આવે છે, છતાં અહીં દબાણો કાયમી રીતે દૂર કરવા કોઈ મજબૂત વ્યવસ્થા કરવામાં આવતી નથી. રહીશોએ માંગ કરી છે કે ચૌટાબજાર અને રાજમાર્ગ વિસ્તારમાં દબાણો કાયમી ધોરણે દૂર કરવામાં આવે, નિયમિત પેટ્રોલિંગ અને ઝીરો ટોલરન્સ નીતિ અમલમાં મુકવામાં આવે, નહીં તો આગામી દિવસોમાં જનઆક્રોશ ઊભો થઈ શકે છે. વેપારીઓ મોડી રાત સુધી બજાર ભરીને સવારે વહેલી વેળાએ શહેર છોડીને ચાલ્યા જાય છે, જેના કારણે સ્થાનિક તંત્ર માટે કાર્યવાહી કરવી મુશ્કેલ બને છે. બહારગામના વેપારીઓના કારણે ટ્રાફિક અવરોધ, કચરો અને અસ્વચ્છતા વધી રહી છે. સ્થાનિક રહીશોનું કહેવું છે કે બહારથી આવતાં આ વેપારીઓ સામે કડક કાર્યવાહી અને પ્રવેશ નિયંત્રણ જરૂરી બની ગયું છે.

### સુરતમાં પતરા...

આવ્યું છે. આ જ ઘટનાક્રમ વચ્ચે મહિધરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા વસ્તા દેવડી રોડનો વધુ એક વીડિયો વાયરલ થયો છે. વીડિયોમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે કે પતરાના શેડમાં ચારેબાજુ પડદા બાંધીને રીતસરનો બાર ચાલી રહ્યો છે. અહીં બારની જેમ જ દારૂની સાથે ગ્રાહકો માટે પાણી-સોડા અને બાઈટિંગની વ્યવસ્થા સાથે ગ્રાહકોને માટે ત્યાં જ બેસીને દારૂ પીવાની સિટિંગ સુવિધા પણ પૂરી પાડવામાં આવી રહી છે. આ પ્રકારની જાહેરમાં ચાલતી પ્રવૃત્તિ જોઈને એવું લાગે છે કે બુટલેગરોને પોલીસનો કોઈ જ ડર રહ્યો નથી. એક તરફ સુરત પોલીસ ડ્રોન ઉડાવીને પેટ્રોલિંગ અને ચેકિંગના દાવા કરે છે, તો બીજી તરફ શહેરના હૃદયમાં જ દારૂના અડ્ડાઓ ધમધમતા હોવા છતાં તે પોલીસની નજરથી બહાર રહે છે, આ મુદ્દે મહિધરપુરા પોલીસ સ્ટેશનના પીઆઈ એન.એચ. બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે વાયરલ વીડિયો હાલ જ તેમની પાસે પહોંચ્યો છે. વીડિયોની તપાસ ચાલી રહી છે અને કેટલાક જૂના વીડિયો પણ ફરતા હોવાની શક્યતા છે. તપાસ પૂર્ણ થયા બાદ નિયમ મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

### બાળકોને કાખમાં લઈ મહિલાઓએ પાલમાં દારૂના અડ્ડા પર રેડ કરી

પાલનપુર ગામના મહાદેવ ફળિયામાં દેશી દારૂનો અડ્ડો લાંબા સમયથી અસામાજિક તત્વોનું અડ્ડું બની ગયો હતો, જેના કારણે યુવતીઓ અને મહિલાઓની સુરક્ષા જોખમાઈ રહી હતી. અંતે મહિલાઓ બાળકોને કાખમાં લઈને પણ 'જનતા રેડ' માટે મેદાનમાં ઉતરી આવી હતી.મહિલાઓએ અડ્ડા પર પહોંચી બૂટલેગરને ઉદ્ધતાઈથી જવાબ આપ્યો. 'તમને શું નડે છે?' કહી ટકોર કરતાં જ મહિલાઓ વધુ ઉશ્કેરાઈ ગઈ અને દારૂની પોટલીઓ રસ્તા પર ફેંકી અડ્ડાનો સોથ વાળી દીધો. જનતા રેડ બાદ પાલ પોલીસે બુટલેગર ચઝેશની અટકાયત કરી તપાસ હાથ ધરી, જેમાં ખુલાસો થયો કે આરોપી સામે અગાઉથી ત્રણથી વધુ ગુનાઓ નોંધાયેલા છે. રીઢો ગુનેગાર હોવા છતાં તે પોલીસની નાક નીચે ખુલ્લેઆમ ધંધો ચલાવતો હતો.

# સચિન જી.આઇ.ડી.સી.માં રિસરફેસિંગ કામ શરૂ

સુરત : સચિન જી.આઇ.ડી.સી. માં રોડ નં-૮ ના આરસીસી રોડ પર માસ્ટિક આસ્ફાલ્ટ પધ્ધતિથી રિસરફેસિંગ કામના રૂપિયા 3.15 કરોડના પ્રોજેક્ટનું ખાતમુર્હૂત કરવા સાથે કામ શરૂ કરવામાં આવ્યું છે.

આ ખાતમુર્હૂત પ્રસંગે સચિન જીઆઈડીસી નોટીફાઈડ ચેરમેન મિતુલ મેહતા, સચિન ઈન્ડસ્ટ્રીયલ એસોસિયેશનના પ્રમુખ કિશોર પટેલ, સેક્રેટરી મયુર ગોળવાલા, ખજાનચી ગીરીશ રાખોલીયા, ડિરેક્ટર ગૌરાંગ ચપટવાલા, બાવચંદ અંટાળા, શૈલેષ મોદી, હેમંત જરીવાલા, નોટીફાઈડ એન્જિનિયર હેત પંચાલ તથા સોસાયટીના ઈનચાર્જ મેનેજર અરવિંદ આહીર ઉપસ્થિત રહ્યાં હતાં.

સચિન ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના સેક્રેટરી મયુર ગોળવાલાએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૭ માં સચિન વસાહત ખાતે આવેલા રોડ નં. ૮ ઉપર ગેટ નં.૨ થી રાજકમલ ચોકડી સુધી અને રોડ નં.૬ મેઈન એન્ટ્રી ગેટ નં.૧ થી અર્પિતા ચોકડી સુધી આર.સી.સી. રોડનું નિર્માણ કરવામાં આવ્યું હતું. ૮ વર્ષ જેટલો સમય જતાં આ આર.સી.સી. રોડની હાલત ખખડધજ અને જર્જરિત થઈ જતાં અસંખ્ય વાહનચાલકો તથા નજીકના ગામોના લાખો નાગરિકો અવરજવરમાં મુશ્કેલી પડતી હતી. જેથી આ સમસ્યાના નિવારણ માટે આ કામ શરૂ કરવામાં આવ્યું છે.